November 2021 PRABHAT EDUCATION FOUNDATION Issue No. 24

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:- પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું, અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

## અનુભવ...

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનના સ્કૂલ પ્રોગ્રામના મિશ્રા શ્લોકની વાત લઈને હું આવ્યો છું. શ્લોક શાહવાડી વિસ્તારના સ્લમ એરિયામાં પોતાના માતા-પિતા અને 2 ભાઈઓ સાથે રહે છે. 11 વર્ષનો શ્લોક લો-વિઝન દિવ્યાંગતા ધરાવે છે. જન્મથી તો તેની આંખોમાં કોઈ દિવ્યાંગતા હતી નહીં, પરંતુ સ્કૂલમાં શિક્ષક દ્વારા બોર્ડમાં લખેલ લખાણ વાંચવામાં તકલીફ પડતા ડોક્ટરને દેખાડવામાં આવ્યું. ત્યારે ડોક્ટરના કહેવા મુજબ શ્લોકને આંખમાં નંબર છે અને આંખની નસ સુકાઈ જવાના કારણે તેને બંને આંખોમાં વિઝન ઓછું થતું જાય છે, આંખોમાં નંબર પણ હોવાથી તે જાડા કાચના ચશ્મા પહેરે છે. દુઃખની વાત તો એ છે કે શ્લોકના પિતાને આંખે જરાપણ દેખાતું નથી, જેના કારણે ઘરની તમામ જવાબદારી તેમના પત્ની પર આવી પડી. શ્લોકની મમ્મી એક કપડાંની દુકાનમાં સિલાઈકામ કરી ઘરનું ગુજરાન ચલાવે છે. શ્લોકને ભણવાનું ગમતું, પરંતુ ઘરની આર્થિક પરિસ્થિતિના કારણે તે શક્ય બન્યું નહીં. સંસ્થાના સર્વેની કામગીરી દરમ્યાન શ્લોકની જાણકારી સંસ્થાને મળી. સંસ્થા દ્વારા બાળકનું એસેસમેન્ટ કરી તેનું 'સન ઈંગ્લીસ સ્કૂલ'માં એડમીશન કરાવવામાં આવ્યું હતું. સંસ્થાના સ્કૂલ પ્રોગ્રામના સ્પેશિયલ એજ્યુકેટર તરીકે મારા અને કેયુરભાઈ દ્વારા સ્કૂલના પ્રિન્સીપાલને શ્લોકની શારીરિક સમસ્યા અંગે જાણ કરવામાં આવી અને શ્લોકને ક્લાસમાં પહેલી બેન્ચ પર બેસાડી અભ્યાસ આપવાનું શરુ કરાયું હતું.

ધોરણ-6માં અભ્યાસ કરતા શ્લોકને હિન્દી અને અંગ્રેજી જેવા વિષયો વાંચવામાં અને લખવામાં તકલીફ પડતી, જેના કારણે તેને રોજ એક્સ્ટ્રા સમય આપી બે શબ્દ, ત્રણ શબ્દ, વાક્ય અને ફકરા વાંચતા-લખતા શીખવ્યું અને તેના પર જ પ્રેક્ટીસ કરાવતા આજે શ્લોક સરળતાથી હિન્દી અને અંગ્રેજીની ચોપડીઓ સહેલાઈથી વાંચી-લખી શકે છે. એક દિવસ હું ક્લાસમાં દરેક વિધાર્થીઓનું ક્રમ પ્રમાણે આગળના દિવસે આપેલ હોમવર્ક ચેક કરતો હતો. જયારે શ્લોકનો વારો આવ્યો ત્યારે શ્લોકમાં મને અશક્તિનો અહેસાસ થયો અને મેં ચેક કર્યું ત્યારે ખબર પડી કે તેને તાવ-શરદી હતા. જેનાથી મને થયું કે આવી પરિસ્થિતિમાં શ્લોકે હોમવર્ક નહીં કર્યું હોય તેથી મેં તેને પૂછ્યું નહીં.ત્યારે શ્લોકે મને બોલાવીને કહ્યું કે "સર, તમે મારુ હોમવર્ક તો ચેક જ ના કર્યું." તે સાંભળતા જ મને બાળકનો શિક્ષણને લગતો ઉત્સાહ જોઈ ખૂબ ખુશી થઈ. દરેક શિક્ષક આવી જ આશા પોતાના વિધાર્થી પ્રત્યે રાખતા હોય છે કે વિધાર્થી ભણી-ગણી આગળ વધે અને પોતાનું, માતા-પિતાનું તથા શિક્ષકનું નામ જીવનમાં રોશન કરે. શ્લોક હંમેશાથી સ્કૂલમાં અભ્યાસમાં ધ્યાન આપતો તેની સાથોસાથ ઘરમાં પણ પોતાની મમ્મીને સહાય કરતો. પોતાના પિતાને આંખે ન દેખાતું હોવાથી સ્કૂલમાં વાલી મીટીંગમાં હાજર રહેવાથી માંડીને ઘરના પ્રસંગમાં જવાનું હોય તો તે પોતાના પિતાને હાથ પકડીને લઇ જતો. કોરોનાકાળમાં જયારે તેના ઘરમાં અનાજની અછત સર્જાઈ, ત્યારે સંસ્થા દ્વારા અનાજની કીટ આપવામાં આવતી. તે મળેલ મદદ બદલ શ્લોકનો પરિવાર સંસ્થાનો આભાર માને છે. પોતાના બાળકની શૈક્ષણિક પ્રગતિ જોઈને શ્લોકના માતા-પિતા, પ્રભાત સંસ્થા, હું અને કેયુરભાઈ ખૂબ ખુશ છીએ તથા ભવિષ્યમાં તેને શિક્ષણને લગતી દરેક સહાય કરવા તત્પર છીએ! [નામ બદલેલ છે.]

By- Hardik Chavda
Special Educator





પ્રેરણાદાયી વાર્તા

મૌલા...મૌલા...મૌલા... આમ બોલવાનું અને પછી છૂપાઈ જવાનું. “દેખોના મમ્મી યે છુપ જાતી હૈ! કહા હો તુમ, આ જાઓ.”
આ સંવાદો છે મૌલા[અલીના] અને તેની બે બહેનો વચ્ચેના.
અલીના ચંડોળાના સ્લમ વિસ્તારમાં છાપરામાં રહે છે. અલીના અને તેની એક બહેન જોડિયા બાળકો છે. બન્ને બહેનો 8 વર્ષની છે, અને બીજી એક બહેન 6 વર્ષની છે, નાનો ભાઈ 2 વર્ષનો છે, અને માતા-પિતા છે. આમ કુટુંબમાં કુલ 6 સભ્યો છે. આ ત્રણે બહેનોના વાર્તાલાપ, તાલમેલ, એકબીજા પ્રત્યેની સમજ, લાગણી ખૂબ જ સમજવાલાયક છે. આપણને પણ થાય કે આટલી ઉંમરમાં આટલી સમજ!
અલીના થોડા શબ્દો અને થોડા હાવભાવ તેમજ થોડા ઈશારાથી વાર્તાલાપ કરે છે. અને બાકીની બંને બહેનો સંપૂર્ણ સ્પષ્ટ બોલી શકે છે. કોઈ સંવાદ એવો નઈ હોય કે એકબીજાની વાત સમજી ના શકે. આ ત્રણે બહેનો ખૂબ જ સરસ રીતે વાતચીતની આપ લે કરે છે. જો નાની બહેનો સ્કૂલે જવા તૈયાર થઈ જાય તો અલીના એ...,એ... બોલીને હું સ્કૂલે આવું તેમ કહે ત્યારે નાની બહેનો બેગ લઈને તેની આસપાસ બેસી જાય અને ખૂબ પ્રેમથી સમજાવે 'દેખ અભી તો મેરી બહેના કસરત કરતી હૈ ના, દેખ થોડે દિન મેં તું ચલતી હો જાયેગી તબ હમ તીનો સાથ સ્કૂલ ચલેંગે, તબ તક તુજે પઢ઼ાને ટીચર આતે હૈ ઉનકે પાસ પઢના મેરી બહેન'. અલીના તરત જ મીઠું હસીને ડોકું હલાવીને હા પાડે અને પોતાની જીદ છોડીને મનાઈ જાય, ત્યારે બંને બહેનો ઉભી થઈને કહે, 'ટાટા હમ જલ્દી ઘર આ જાયેંગે બાદ મેં હમ ખેલેંગે' એમ કહીને સ્કૂલે જાય. અલીના છેક સુધી તેમને જતા જોઈ રહે અને ટાટા કરતી રહે.એવી જ રીતે ક્યારેક બંને બહેનો ઘરે હોય અને ટીચર અલીનાને એકટીવીટી કરાવતા હોય તો અલીના મસ્તી કરતી હોય કે આનાકાની કરતી હોય તો બંને બહેનો વડીલની અદાથી સમજાવશે કે 'દેખ મૌલા તું મેરી અછીવાલી બહેન હૈ ના તું કામ કરલે બાદ મેં હમ તીનો મિલકર ખેલેંગે તુજે ખેલના હૈ ના?’ આમ અલીનાને પ્રોત્સાહન આપશે.
મમ્મી સ્કૂલે જતા બહેનને વાપરવાના પૈસા આપે તો બંને મમ્મી સામે જોઈ ને કહેશે 'મમ્મી અલીના કે લીયે ક્યાં લાના હે, હમ જાકર લે કે આયે'. આમ પોતાને છે તેટલો જ હક અને અધિકાર મૌલાને પણ છે, તે આ નાનકડા બાળમાનસને પણ જાણ છે. અલીનાના પપ્પાની દુકાન ઘરની એકદમ નજીક જ છે. અલીના કોઈક વાર સખત રડવા ચડી જાય ત્યારે નાનકડી બે બહેનો દોડતી દુકાને પહોંચી જાય અને પપ્પાને મેસેજ આપે કે 'અબ્બા, મૌલા બહોત રો રહી હૈ. આપ ઉનકો ધુમાને લે જાઓ ના. તબ તક હમ દુકાન પર બૈઠતે હૈ'. પોતાને ફરવા લઇ જાઓ એવી ક્યારેય ફરિયાદ ન કરે અને ક્યારેય એવી જીદ પણ ન કરે,મૌલા માટે વકીલ બની જાય એટલી લાગણી. ઘણીવાર બંને બહેનો ઘરની નજીક રમવા જાય, તો મૌલા એકલી પડે એટલે રડે, બહાર અવાજ સંભળાય એટલે તરત ઘરે આવીને પુછશે કે'ક્યાં હુઆ મૌલા'? થોડા શબ્દો અને ઈશારાથી સમજાવે કે 'મુજે ભી ખેલના હૈ',બસ પછી તો બંને બહેનો રમતા છોકરાઓને પોતાના ઘરે બોલાવી આવે અને બધા સાથે રમે. આમ પોતાની બહેનની રમવાની ઈચ્છા પણ પૂરી કરે.
એવું કહેવાનું મન થાય છે કે, 'બચ્ચે મન કે સચ્ચે'. કોઈ કપટ નહિ, કોઈ દ્વેષ નહિ, કે નહિ ઘૃણા. કાશ આવો નિર્દોષ સંબંધ બધાની વચ્ચે હોય તો! [નામ બદલેલ છે.]



By: - Jagruti Desai
Special Educator

મંથલી અપડેટ

**માતાપિતાની ભાગીદારી:-** સંસ્થાએ હંમેશા સહભાગી પ્રક્રિયાઓને અપનાવી છે, જેના કારણે સંસ્થાની મોટાભાગની પ્રવૃત્તિઓ એકબીજાને સહેલાઈથી શીખવી શકાય તેવી હોય છે. છેલ્લા કેટલાક મહિનાઓથી માતા-પિતા અને ભાઈ-બહેનોને બાળક સાથે ડહેલુંમાં સમય પસાર કરવા અને અન્ય માતા-પિતા પાસેથી શીખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. આ જોડાણો પેરેન્ટ્સને એકબીજા સાથે હળવા-મળવા અને સહાયક જૂથ બનાવવા તથા માતા-પિતાને પોતાના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોના વિવિધ પડકારોનો સામનો કરવામાં વધુ મદદ કરે છે. પ્રવૃત્તિઓમાં પરિવારના સભ્યોની ભાગીદારી વધવાથી, બાળક પ્રેમ અને પ્રશંસા અનુભવે છે. માતા-પિતાએ પણ યોગા, ડાન્સ, નાટક વગેરે જેવી વિવિધ નવી પ્રવૃત્તિઓ પોતાના ઘરે શરૂ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

**ખાસ જરૂરિયાતો ધરાવતા નવા બાળકોની ઓળખ:-** જેમ જેમ સંસ્થા નવા વિસ્તારમાં પોતાની કામગીરીને આગળ વધારી રહી છે તથા જુના વિસ્તારમાં પણ કામગીરીની શરૂઆત કરી છે, ત્યારે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્ત વયના લોકોની ઓળખ કરવા માટે સંસ્થાની ફીલ્ડ ટીમ દ્વારા સર્વે હાથ ધરવામાં આવે છે. આ મહિને મર્યાદિત સમય સાથે, ટીમ જુદી-જુદી દિવ્યાંગતા ધરાવતા 17 બાળકોને ઓળખવામાં સફળ રહી, જેમાંથી 3 બાળકો તેમના ઘરની નજીક ચાલતા ડહેલુંમાં જોડાયા છે. સંસ્થામાં એડમીશનની પ્રક્રિયા વાલીઓના નિયમિત કાઉન્સેલિંગ અને માર્ગદર્શન સત્ર સાથે એક્પર્ટ દ્વારા બાળકોના એસેસમેન્ટ સાથે શરુ થતી હોય છે. બાળકને નિરીક્ષણના હેતુથી પોતાના માતા-પિતા સાથે એક અઠવાડિયા સુધી સેન્ટર/ડહેલુંમાં બોલાવવામાં આવતા હોય છે. જે પછી દરેક બાળકની જરૂરિયાતો અને ક્ષમતાઓ અનુસાર વ્યક્તિગત શિક્ષણ યોજના (IEP) તૈયાર કરવામાં આવે છે. વધુ લોકો સુધી પહોંચવામાં મદદ કરવા સંસ્થા આ સર્વેની કામગીરી માટે સ્વયંસેવકોને પણ તક આપતી હોય છે.

**ટીચર ટ્રેનિંગ:-** અમદાવાદની શિવાશિષ સ્કૂલના 40 શિક્ષકો સાથે સંસ્થા દ્વારા ટીચર ટ્રેનિંગ યોજવામાં આવી. આ ટ્રેનિંગ દિવ્યાંગતાને સમજવા ખાસ કરીને જે દેખાતી હોતી નથી તેવી, સાથોસાથ સર્જનાત્મક શિક્ષણ અને તેને શીખવવાની પધ્ધતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વર્ષોથી સંસ્થાએ શિક્ષણની અનોખી રીત તથા પધ્ધતિઓ વિકસાવી છે જે બાળકોને શીખવાની મજા આપે છે તથા બાળકોમાં આતુરતા લાવે છે.

**રસપ્રદ સેશન બાળકો માટે:-** આ મહિને બાળકોને કંઈક નવીન શીખવવાની વિશેષતામાં રંગો અને તેને લગતી પ્રવૃત્તિઓ હતી. જેવી કે રંગોની ઓળખ, રંગોનું મિશ્રણ, રંગોની રચના, ચોક-કલર્સ, વોટર-કલર્સ વગેરે. બાળકોને રમકડાં, શાકભાજી, અંગુઠા, આંગળી વગેરે જેવી વિવિધ વસ્તુઓનો ઉપયોગ કરીને ચિત્રો બનાવતા શીખવ્યું હતું. દરેક બાળકોએ પેન્ટિંગ સેશનનો ખૂબ આનંદ માણ્યો હતો. તે ઉપરાંત મણકાની માળા, સિક્કા, કાંકરા, ક્લે વગેરેનો ઉપયોગ કરીને બાળકોએ અન્ય શિક્ષણ પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. સંસ્થાના દરેક ડહેલુંમાં સ્પીચ-થેરાપી પર ધ્યાન કેન્દ્રિત કરીને બાળકોને થેરાપી આપવામાં આવી હતી. સ્પીચ-થેરપીમાં બાળકોને ફૂંક મારવી, પીપુડી વગાડવી, ગુજરાતીના સ્વર બોલાવવા, ફુગ્ગા ફુલાવવા જેવી પ્રવૃત્તિ કરાવાઈ હતી.

**નવી ભાગીદારી:-** સંસ્થાને આ જાહેરાત કરતા ખૂબ આનંદ થાય છે કે તેને WIPRO Foundation અને Dasra સાથે હાથ મિલાવ્યા છે, જેઓ પ્રભાત સંસ્થામાં પ્રોગ્રામને લગતી પ્રવૃત્તિઓ અને ભવિષ્યમાં આગળ વધવામાં મદદ કરી રહ્યા છે. સંસ્થા તેમની સાથેની પરસ્પર રસપ્રદ લર્નિંગની રાહ જોઈ રહી છે.

**એક દિવસ પ્રભાતનાં નામે:-** એક દિન પ્રભાત કે નામ (પ્રભાતને સમર્પિત એક દિવસ) અંતર્ગત ઉજવણી શરૂ થઈ ગઈ છે.અમારા એક યંગ ડોનરે પ્રભાતના બાળકો સાથે પોતાના ૭માં જન્મદિવસની ઉજવણી કરી. મિત્રતાના પ્રેમનું આવું ચિત્ર જોઈને આનંદની અનુભૂતિ થાય છે. જો તમે પ્રભાતના બાળકો સાથે એક દિવસ પસાર કરવા અને સુંદર યાદો સાથે લઈ જવા માંગતા હોવ, તો અમને અહીં લખો: prabhat@prabhatedu.org

**વિતરણ:-** મુથુટ ફાઈનાન્સના સમર્થનથી, સંસ્થા આ મહિને 77 બાળકોને રાશન કીટ તથા ટીચિંગ અને લર્નિંગ કીટનું વિતરણ કરવામાં સક્ષમ હતું.



**ડેવિસ ફેમેલી અને પ્રભાતની સફર**

જોસેફ, જનાલા,ડેનિસ અને રોબર્ટ ડેવિસ બે વર્ષથી પ્રભાત પરિવારનો એક ભાગ હતો, અમે સાથે મળીને એકબીજા પાસેથી ઘણું બધું શીખ્યા અને એકબીજાને ઘણું બધું શીખવ્યું. અમે તેમને વિદાય આપતા દુઃખી છીએ, પરંતુ અમે જાણીએ છીએ કે તેમની રાહ જોવાઈ રહી છે. પ્રભાત સંસ્થા ડેવિસ ફેમિલીને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે!

# ફોટો-ગેલેરી




T.L.M વિતરણ



સ્પીચ-થેરાપી



અમને ડાન્સ કરવો બહુ ગમે!



કોમ્યુનિટીમાં સર્વેની કામગીરી



જન્મદિવસની ઉજવણી



ફિઝિયોથેરાપી સેશન



પેઇન્ટિંગ એક્ટીવીટી



કલર આઇડેન્ટીફિકેશન



પઝલ ટાઈમ

**Address:** A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015.

PRABHAT
EDUCATION FOUNDATION

**Phone:** +91 - 79 - 4890-3054;
**Mobile:** +91 9825009427
**Email:** prabhat@prabhateducationfoundation.org
**Website:** www.prabhateducationfoundation.org